

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પંપાળ્યા હાલરડાં ગાઈ, ઝૂલાવ્યા હીંચકે -*
*એણે ભોંકી કટાર પીઠે ચઢાવ્યા હીબકે -*
*ચૂપકે પેસી ગયા, દિલની દિવાલો ભેદી -*
*કર્યો વિશ્વાસ પડોશીઓ પર આંખો મીંચકે !!*

### હાઈકુ

*છેતરી ગયા !*
*દિલ્હીના 'ચાણક્ય'ને -*
*ચિનાઈ ઠગ !*

*ચીનાઈ ઢાલે*
*નેપાળી મગતરું -*
*બતાવે આંખ !*

### ચિંતન

**ચાર ચિહ્ન હરિ ભક્ત કે પ્રગટ દિખાઈ દેત,**
**દયા, ધર્મ, આધિનતા, પરદુ:ખ કો હરિ બેત.**

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**આપણને સૌને જરૂર પ્રશ્ન થાય કે હરિભક્તોને ઓળખવા કઈ રીતે ? તેઓના ઓળખ ચિહ્ન કયા હોઈ શકે? મૃત્યુલોકના માનવીઓના પ્રશ્નોના સમાધાન અર્થે કબીર કહે છે કે પરમેશ્વરની ભક્તિના ચાર ચિહ્ન પ્રગટ સ્વષ્ટ દેખાય છે. તે છે એક દયા, બીજું અન્ન વગેરેનું દાન એટલે દાન ધર્મ, ત્રીજું આધીનતા એટલે નમ્રતા અને ચોથું અન્યના દુ:ખ દૂર કરવાની ભાવના. આવા ભાવરુપી ચિહ્નો જેનામાં જોવા મળે તેને ભગવાનનો ભક્ત સમજવો. આથી કબીર ભક્તિની રક્ષા કરનાર ભક્તોને પણ ઉપર જણાવેલ ચાર ગુણોને અપનાવી તેનું અવશ્ય પાલન કરવાની શીખ આપે છે.**

### સુવિચાર

- ઉત્સાહ, સામર્થ્ય અને મનમાં હિંમત આ સફળતા મેળવવાના આવશ્યક ગુણો છે - **જન્મભૂમિ**
- હાર સે ડર જાને સે બહેતર હૈ, જિત કી કોશિશ મેં મર જાના - **સત્યેન બ્રાર**
- અહમ્‌ના તમામ પગથિયાં ઉતરતા જે તળેટી મળે. એ સંબંધનું સર્વોચ્ચ શિખર હોય છે - **હીના કુલાલ**
- માત્ર જીતનારો જ સિકંદર નથી પણ, કયાં હારવું છે
  એ જાણનારો પણ સિકંદર જ હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હંમેશા એ સંબંધ જ લાજવાબ હોય છે,
  જે એહસાનથી નહીં પણ અહેસાસથી બનેલો હોય - **ક્રિષ્નકાંત ઉનડકટ**
- પશ્ચાતાપ એકવાર ન થાય, એ તો જીવનશૈલી છે, તો જ ઈશ્વર ક્ષમા આપે છે - **બ્રુસ વિલ્કિન્સન**
- આજનું ઔષધ : એલચીનું ચૂર્ણ અને સાકર સરખા ભાગે લઈ એમાં એરંડિયું મેળવી રોજ ચાર ગ્રામ જેટલું નરણા કોઠે ચાલીસ દિવસ સુધી ખાવાથી આંખોમાં ઠંડક રહે છે અને નેત્ર જયોતિ વધે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રમણ મહર્ષિ પોતે પણ સારા બાણાવળી હતા. એક સવારે તેઓએ પોતાને શિષ્યને ધનુર્વિદ્યા શીખવવા માટે બોલાવ્યો. રમણ મહર્ષિ એને લઈને જંગલમાં ગયા. મહર્ષિ એ એક ફૂલ લઈને ઝાડની ડાળી પર મૂક્યું. શિષ્યને કહ્યું, 'આ રૂમાલનો મારી આંખો પર પાટો બાંધી ફુલની દિશા તરફ મારું માથું રહે તેવી રીતે એકસો ડગલા દૂર ઊભા રાખજે...' આંખ પર પાટો બાંધ્યો તે વખતે મહર્ષિએ પૂછ્યું. 'તે મારી ધનુર્વિદ્યા કેટલીવાર જોઈ છે?' શિષ્યે કહ્યું, 'હું આપને રોજ આનાથી વધુ અંતર પર મૂકેલું નિશાન પણ આપ સફળતાપૂર્વક વિંધિ શકો છો.' આંખો રૂમાલથી પાંટો બાંધેલી સ્થિતિમાં રમણ મહર્ષિએ ફુલની દિશા તરફ તાક્યું. તીર એ ફુલને વીંધી શક્યું નહીં અને ઘણે દૂર જઈને પડ્યું. 'મહર્ષિએ પાટો ખોલીને પૂછ્યું. 'મારું તીર લક્ષ્ય પર લાગ્યું તો ખરું કે નહીં ?' શિષ્યે કહ્યું, 'ના, એ તીર લક્ષ્યથી ઘણું દૂર ગયું હતું. મને એવું હતું કે આજનો આ અભ્યાસ મને સંકલ્પશક્તિ કે આપની પરાશક્તિનો અનુભવ કરાવશે.' આટલું સાંભળી રમણ મહર્ષિએ કહ્યું, 'મેં તો તને સંકલ્પશક્તિનો સૌથી મહત્ત્વનો ભાગ તો શીખવ્યો છે. તમે જે વસ્તુઓની ઈચ્છા કરો તેના પર તમારું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરો જો લક્ષ્ય પર તમારી નજર કે તમારું ધ્યાન નહીં હોય તો તેને તમે ભેદી શકતો નહીં.'

શિષ્યને રમણ મહર્ષિની વાત સદષ્ટાંત સમજાઈ.

# સંકટમાં ઘેરાયેલા પ્રજાજનો રામભરોસે

**તંત્રીસ્થાનેથી...**

કોરોનાનો કાળીનાગ નાથવામાં આપણે નિષ્ફળ રહ્યા છીએ તે કબૂલવામાં શરમ ન આવવી જોઈએ. લોકડાઉનના વિવિધ તબક્કાઓ દરમિયાન સરકારી તંત્ર તરફથી પ્રામાણિક પ્રયત્નો જરૂર થયા, પરંતુ આવડા મોટા દેશમાં અકસૂત્રતા કે એકવાક્યતાની અપેક્ષા જ વધારે પડતી ગણાય. લોકશાહી જ આવાં નિયંત્રણોમાં સૌથી મોટું બાધક તત્ત્વ બની રહે. રાતોરાત આદેશ થાય અને દેશ એકાએક થંભી જાય તે આ પ્રજાના સ્વભાવમાં નહોતું. એથી અનેક સ્તરેથી લોકડાઉન સામે પ્રશ્નો ઊભા થયા, પોલીસ જુલમ વિરુદ્ધ અવાજ બુલંગ થયો, આઈએએસ લોબીના મતભેદો ઉજાગર થયા. શ્રમિકોએ તો સરકારની આબરૂના ધજાગરા જ ઉડાડી દીધા. પાંચ ટ્રિલિયન સ્ટ્રોંગ ઈકોનોમીની હવા નીકળી ગઈ. શ્રમિકોને રોજી રોટી ઉપલબ્ધ કરાવવાના વડાપ્રધાનના સૂચનનો અમલ બિન ભાજપી રાજયોએ ન કર્યો. આખરે પગપાળા વતન જવા નીકળેલા શ્રમિકો માટે ખાસ ટ્રેનો દોડાવવી પડી. વતનમાં રાજયો પૈકી કોઈએ એમને આવકાર્યા, કોઈને નકાર્યા. ટૂંકમાં બધું ઊડઝૂડ ચાલ્યું એમાં કોરોના એની હાથીની ગતમાં આગળ વધતો રહ્યો. આખરે થાકીને અનલોક-૧ અમલી બનાવ્યું તો ઊલટાનો જે ઉછાળો આવ્યો છે તે આપણી નાદારીની જ મજાક ઉડાવે તે બરનો છે. હવે કેટલાક નિષ્ણાંતો ફરી પાછો લોકડાઉનનો નવો દોર શરૂ કરવાનાં સૂચનો કરી રહ્યા છે. પણ સરકાર થાકી છે. અને સત્તા ટકાવવામાં અને વિસ્તારવામાં રસ છે. લોકડાઉન ફરી નાખીનએ એ ગાળો ખાવા નથી માગતી. કેન્દ્રીય નાણામંત્રીએ બજેટમાં મોટા ઉપાડે જાહેર કરેલી યોજનાઓ પર બ્રેક મારી દીધી છે. સરકાર પાસે એ યોજનાઓ માટે ફાળવવા માટેનાં નાણાં જ નથી. દુકાળમાં અધિક માસની જેમ ચીને નિયંત્રણ રેખા ઓળંગી છે. નિવૃત્ત સેનાધ્યક્ષ કહે છે એમ ભારતનો ૬૦ ચોરસ કિલોમીટર પ્રદેશ એ બથાવી બેઠું છે. હવે એ પ્રદેશ પુન: હસ્તગત કરવાનું કામ ધારીએ એટલું સહેલું નથી. ભારતની પડખે રહેતું 'હિંદુ રાષ્ટ્ર' નેપાળ હવે ચીનની પાંખમાં ભરાયું છે અને કૈલાસ માનસરોવર યાત્રા માર્ગ પર આવવા કાલાપાની તથા લિમ્પિયાધરાને એ પોતાના નકશામાં બતાવવા લાગ્યું છે. ગુપ્તચર એજન્સીઓએ આંતરેલા સંદેશ મુજબ પાક સમર્થિક આતંકી જૂથો હિંદુસ્તાનને હંમેશને માટે યાદ રહી જાય એવો પાઠ ભણાવવાની ફિરાકમાં છે. ભારતે સેના અને અર્ધલશ્કરી દળો સાબકાં કર્યાં છે. ચીનની સરહદ સામે ભારે લશ્કરી જમાવટ કરી છે. હુમલો થાય તો પહોંચી વળવાની તૈયારી છે. ચીન લુચ્ચું શિયાળ છે. ૧૯૬૨માં પંડિત નહેરુ સાથે પંચશીલ પર હસ્તાક્ષર કરનાર ચાઉ એન લાઈ પીઠ પાછળ ઘા કરી શકતા હોય તો ૨૦૨૦માં મોદી સાથે ઝૂલે ઝૂલી શાંતિ મુલાકાતે આવી ગયેલા શી જિન પિંગ દગો નહીં કરે એની ખાતરી છે ? ભારતને ટ્રમ્પે જી-૭માં સામેલ કરવા નિમંત્રણ પાઠવી ચીનને વધુ ભડકાવ્યું છે. કોરોનાની નિકાસ કરનાર દેશ તરીકે ચીનની આંતરરાષ્ટ્રીય સ્તરે વગોવણી કરી એને બહિષ્કૃત જેવી સ્થિતિમાં મૂકવાના અમેરિકાના પ્રયાસોને ભારતનું ખુલ્લું સમર્થન મળતાં ચીન વધારે ખિજાયું છે. ચીન દક્ષિણ એશિયાના દાદા તરીકેની એની સ્થાપિત ઓળખ સામે ભારતને અપાઈ રહેલ મહત્ત્વ જીરવી નહીં શકે. આથી એક તરફ કોરોના છે, બીજી તરફ ચીન-પાકિસ્તાનની જુગલજોડી. ભારત પર આફતના ઓળા ઊતરી શકે છે, કોઈ પણ ક્ષણે. ફરી એક વાર લાચાર નહેરુએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ કેનેડીની મદદ માગી હતી એમ ભારતે 'નમસ્તે ટ્રમ્પ' કરવાની નોબત આવી શકે છે. ભારતની લોકશાહી ખુદ શાસક પક્ષને પચી નથી. વિપક્ષી રાજકીય વજૂદ ગુમાવી બેઠા હોવા છતાં એનો અભિપ્રાય પણ ધ્યાને લેવો જોઈએ એવું વિચારવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી કયારેય તૈયાર નહીં થાય. આખરે રાજકીય પક્ષોની ગોલા લડાઈનો ભોગ તો પ્રજાએ જ બનવાનું છે. પ્રજાએ જ સ્થિતિની ગંભીરતા સમજવી પડશે.

# આપણે કેટલું સાચું ને ખોટું બોલીએ છીએ !



**આરપાર**

રાઘવજી માધડ

એક દંપતી તેમનાં બાળકને લઇ મળવાં આવ્યું.તેમનું કહેવું હતું:'ઇંગ્લિશ મીડિયમમાં ભણે છે. ચોથા ધોરણમાં આવ્યો,કાંઇ આવડતું નથી !'દંપતીને પૂછવાનું મન થઇ આવ્યું:'આપની અપેક્ષા પ્રમાણે બાળકને શું આવડવું જોઈએ ?'પણ તેઓએ બળાપો કાઢતા કહી દીધું:'અંગેજી ને ગુજરાતી બેઉમાં કાચોને પાછો પડે છે,શું કરીએ..!'પડખે બેઠેલા પતિદેવ બોલી ગયા:'બાવાના બેઉ બગડ્યા જેવું થયું છે...'પણ વિવાદ આગળ વધતો અટકાવતાને કહ્યું:'હજુ કાંઈ બગડી નથી ગયું.જાગ્યા ત્યાંથી સવાર સમજી, ગુજરાતી મીડિયમમાં મૂકી દો !'ઉમેરીને કહ્યું:'સારું ગુજરાતી શીખશે તો અંગ્રેજી પણ આવડશે !' આ દંપતીને સાચું ને સમયસર કહ્યું તેથી અભિનંદન આપવા ઘટે. ઘણાંતો આવું કહેતાં પણ નાનપ અનુભવતા હોય છે !

આપણે ત્યાં જ્ઞાતિ,પ્રદેશ અને વિસ્તાર...પ્રમાણે વિવિધ બોલીઓ પ્રવર્તે છે.બોલી વારસામાં મળે છે.પણ આ બોલીના લીધે કલાસરૂમમાં શિક્ષક,વિદ્યાર્થી વચ્ચે અસરકારક પ્રત્યાયન થઇ શકતું નથી. બોલીનાં પ્રભાવમાં સાચું ગુજરાતી બોલવા, ઉચ્ચારવામાં ફાંફા પડે છે ને અંગ્રેજી માધ્યમનું વળગણ વધતું જાય છે. હા,અંગ્રેજી આવડે તે સમયની માંગ છે.પણ જેની માતૃભાષા સારી હોય તેની અન્ય ભાષા સારી હોઈ શકે. બીજી ભાષા માટે, માતૃભાષાનું પૂરતું જ્ઞાન જરૂરી છે. પણ આપણે ત્યાં ઘણાં કિસ્સામાં બાવાના બેઉ બગડ્યા જેવું બને છે.ન અંગ્રેજી, ન સારું ગુજરાતી બોલતાં આવડે...અંતે બાળકનો વિકાસ અટકીને છટકી જાય છે.

વરસો પહેલા દિલ્હીના કોનોટ પ્લેસ પર સૌરાષ્ટ્રની દેવીપૂજક બહેનોને, ટ્રેડીશનલ પોશાકના વેપાર અર્થે ફોરેનર્સ સાથે અંગ્રેજીમાં સંવાદ કરતી સગી આંખે જોઈ છે.માત્ર માધ્યમ જ નહીં, વ્યવહાર ભાષાને શીખવે અને કેળવે છે. બોલી,માતૃભાષા ને અંગ્રેજીના સ્વભાવ વગરના પ્રભાવથી આપણે રોજ-બરોજના ઉપયોગમાં કેટલું સાચું ગુજરાતી ને કેટલું ખોટું અંગ્રેજી બોલીએ છીએ...એ બેઘડી વિચારવા જેવું છે ! હા,આપણે ત્યાં કહેવત છે: ભાષાને શું વળગે ભૂર,રણમાં જીતે તે સૂર...પણ સંતાનના ભાવિનો સવાલ હોય ત્યારે,ગાડરિયા પ્રવાહમાં તણાતા પૂર્વે માધ્યમ માટે શાંત ચિત્તે વિચારવા જેવું છે.ગાંધીજીએ માતૃ ભાષાને માતાના ધાવણ સાથે સર ખાવી છે.બાળક માટે ધાવણ સર્વાહાર સમાન છે તેમ,ભાષાનું માધ્યમ સાક્ષરી વિષયોનું જ્ઞાન પૂરું પાડે છે. આ ટેકનોલોજીના યુગમાં વ્યક્તિત્વનાં વિકાસમાં માતૃભાષાનું મૂલ્ય, મહત્વ ઓછું આંકવા જેવું નથી.બોલે તેનાં બોર વેચાય...નો જમાનો છે.બોલવા માટે ભાષા,શબ્દો જોઈએ.

એક બાજુ સમગ્ર જનજીવન ઝંઝાવત ભર્યું થઈ રહ્યું હોય ત્યારે આ ભાષાની મોકાણ ક્યાં માંડવાની !?પણ શાળાઓ શરુ કરવાનું સાહસ થાય એવું નથી.ઓનલાઈન એજ્યુકેશનનો વ્યાપ વધી રહ્યો છે તેમાં વાલી,વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાને પ્રાધાન્ય આપવાનો આ અમૂલ્ય અવસર છે.ઘરમાં,સંતાનો સાથે વાતચીત કરવાનું બને ત્યારે તેની ભાષા બાબતે વિચારીએ છીએ ! માતૃભાષામાં મૌલિકતાથી એક ફકરો પણ લખી શકે છે ? જેની માતૃભાષાની સર્જનશીલતા ફીક્સ ડીપોઝીટ થઇ ગઈ હોય તેનાં પાસે મેરીટ જરૂર માગી શકાય પણ ભાવ, લાગણી, સંવેદનાની ઉઘરાણી ન થઈ શકે.માતૃભાષા સંવેદનાને ઘડે છે, માનવીય સંસ્કારને ઉજાગર કરે છે...ને અંતે એક ઉત્તમ માણસનું નિર્માણ પણ કરે છે !

**છેલ્લે :**

શિક્ષક કલાસરૂમમાં વરસાદની કવિતા ભણાવ્યાં પછી વિદ્યાર્થીઓને ભીંજાવું,પલળવું...વિશે પ્રશ્નો પૂછતા હતા અને બહાર ઝરમર...ઝરમર વરસાદ વરસતો હતો !

http://raghavjimadhad.blogspot.com

# કોરોના : પહેલા 'લોક' પછી 'અનલોક' અને હવે 'પરલોક'?



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

વિશ્વના ઈતિહાસમાં અને આપણા પુરાણોમાં ઘણીવાર જોવા મળ્યું છે કે બહું વિદ્વાન અને મહાન માણસોએ પણ જીવનમાં ક્યારેક ખોટા નિર્ણય લીધેલા છે. જેમ કે મહાભારતમાં ભીષ્મ, કર્ણ, કુંતી, યુધિષ્ઠિર, આ બધાએ કોઈના કોઈ કારણોસર ખોટા નિર્ણયો લીધા છે જેના દૂષ્પરિણામ પ્રજાએ ભોગવવા પડ્યા છે.

આજે પણ આવું જ કંઈક થવા જઈ રહ્યું છે. હવે ભારતમાં પણ કોરોનાનું મહાભારત શરું થઈ ચૂક્યું છે. લાગે છે કે હવે મહાવિનાશ નિશ્ચિત છે. બધાના મનમાં એક જ સવાલ છે કે " શું આ પાંચમું લોકડાઉન ખોલવું જરૂરી હતું ? આપણે માનીએ છીએ કે બે મહિનાથી આવડો મોટો દેશ બંધ હતો, બધાના ધંધા રોજગાર બંધ હતા, દેશની આર્થિક સ્થિતિ કથળતી જઈ રહી હતી. વળી વિરોધ પક્ષોએ દેશની આર્થિક અને સામાજિક સ્થિતિ ઉપર રાજનીતિ શરું કરી દીધી હતી. શક્ય છે આ બધા કારણોને લીધે સરકારે પાંચમું લોકડાઉન ખૂલ્લું કરી દીધું હોય. જો કે આમાં વિરોધપક્ષની જીત થઈ છે. કેમ કે સાચું લોકડાઉન હવે જ એકાદ મહિનો જરૂરી હતું કારણ કે વૈશ્વિક સંશોધન મુજબ ભારતમાં કોરોનાનો વિસ્ફોટક કાળ જુન જુલાઈ જ હતો. તેથી જો આ બે મહિના ધ્યાન નથી રાખ્યું તો ભારત બહું જ ઓછા સમયમાં અમેરિકાને પણ પાછળ રાખી દેશે.

આપણે છેલ્લા કેટલાક સમયથી ટી.વી અને સોશિયલ મીડિયા ઉપર મોટા મોટા રાજનેતાઓ, અભિનેતાઓ અને સરકારી જાહેરાતોને કહેતા સાંભળીએ છીએ કે " હવે આપણે કોરોના સાથે જીવતા શીખવું પડશે. કોરોના આપણા જીવનનો એક હિસ્સો છે " આવું એ લોકો કહી શકે છે કે જેઓ પોતાના વિશાળ આલિશાન બંગલામાં રહે છે કે વૈભવી ફ્લેટમાં રહે છે. ઘરનું બધુ કામ નોકર ચાકર કરે છે. લકઝરી કાર સિવાય ક્યાંય બહાર જતા નથી. આવી વ્યક્તિઓ માસ્ક પહેરીને દેશની ગરીબ પ્રજાને સલાહ આપે છે. કેમ કે તેઓને નથી ઘરના કરિયાણાની ચિંતા કે નથી દૂધ દવાની ચિંતા, કે નથી ક્યાંય લાઈનમાં ઊભા રહેવાનું. બાકી ભારતમાં કરોડો લોકો દસ બાય દસની રૂમના ઘરમાં દસ બાર લોકો રહે છે. જેઓને રાત્રે એકબીજાને અડીને સૂવું પડે છે. આવી સ્થિતિમાં સોશિયલ ડિસ્ટેન્સિંગ ક્યા રાખે? આવા લોકો બાર મહિનાનું તો શું બે મહિનાનું અનાજ કરિયાણું ભરી શકે એવી સ્થિતિમાં હોતા નથી. અને ઘરમાં એ રાખવા માટેની જગ્યા પણ નથી હોતી.

જો કે આ જુન મહિનો " અનલોક — ૧ "નો નિર્ણય ભલે સરકારનો રહ્યો, લોકોની સગવડતાઓને ધ્યાનમાં રાખીને લેવાયો હોય, પરંતુ જ્યારે એક સાથે હજારો, લાખો લોકોના મૃત્યુ નિયત્તિ દ્વારા નિર્ધારિત કરવામાં આવ્યા હોય ત્યારે દુનિયાની કોઈપણ સરકાર શું કરે ? એનાથી આવા નિર્ણયો લેવાઈ જ જાય.

કેમ કે કોરોનાનો સાચો ખેલ તો હવે શરું થયો છે. દેશમાં પહેલા એક લાખ કેસ થતા એક સો દસ દિવસ થયા અને બીજા લાખ કેસ થતા માત્ર ચૌદ દિવસ... અને હવે બે લાખના ચાર લાખ થતા કદાચ દસ દિવસ અને પછી આ આંકડો ડબલ થતો જશે... એક તરફ વિશ્વ આખાના કેસ હશે...બીજી તરફ ભારત એકલાના કેસ હશે. કેમ કે લાગે છે કે આ ૨૦૨૦નું વર્ષ નિયત્તિએ અગાઉથી જ નિર્ધારિત કર્યું હોય મહાવિનાશ માટે.

અત્યારના સમયે દેશમાં રોજના આઠથી દસ હજાર નવા કેસ સામે આવી રહ્યા છે. અને એ આઠથી દસ હજાર બીજા લાખેક લોકોને સંક્રમિત કરીને આવ્યા છે. જે લાખેક લોકો બીજા દસેક લાખને સંક્રમિત કરીને પછી સામે આવશે...આ ચક્ર ક્યા સુધી ચાલશે એ કોઈને ખબર નથી. બસ આ ચક્રમાં ક્યાંક આપણે ના આવી જઈએ એની સંપૂર્ણ તકેદારી હવે આપણે ખૂદે રાખવાની છે.

આવી રીતે જો સંક્રમણ વધતું જશે તો ઓગષ્ટ સપ્ટેમ્બરમાં સંક્રમિત આંકડો પચાસ લાખથી એક કરોડ સુધી પહોંચવાની સંભાવના છે. અને જો આમ થયું તો મૃત્યુ આંક ક્યા પહોંચશે ? એનો પણ વિચાર કરવો જરુરી છે. ... આપણી પાસે બીજા દેશો જેવી ને જેટલી મેડિકલ સુવિધાઓ પણ નથી, જેટલા મંદિર — મસ્જિદ છે એટલી હોસ્પિટલો પણ નથી, ડૉકટર્સ, નર્સ, પણ ઓછા પડશે. જે છે તેઓ પણ કામ કરવા તૈયાર નહીં થાય. સ્મશાન અને કબ્રસ્તાન પણ ઓછા પડશે... આવી અનેક નહી કલ્પેલી અને નહી જોયેલી સમસ્યાઓ સામે આવવાની છે. જ્યા સુધી પોતાની બાજુમાં કોરોનાથી એકાદ બે મૃત્યુ ના થાય ત્યા સુધી આપણી પ્રજા લોકડાઉન માનવાની પણ નથી. એ પણ સત્ય છે. તો વળી દેશનો બીજો એક મોટો વર્ગ બધુ સમજે પણ છે. એને બચવું પણ છે, પરિવાર સાથે રહેવું છે પણ એમની આર્થિક સ્થિતિ એવી છે કે ઈચ્છા ના હોવા કામે જવું પડે છે. નોકરીએ જવું પડે છે. બજારમાં વસ્તું ખરીદવા જવું પડે છે. અને ના છૂટકે સંક્રમિત થાય છે. મૃત્યુ મોટેભાગે આવા લોકોના જ થયા છે.

૨૪ માર્ચથી ૩૧,મે સુધી બે મહિનામાં કોરોના અને લોકડાઉનથી આખો દેશ જાગૃત થઈ ગયો છે. એ સત્ય છે પણ સાચા લોકડાઉનની હવે જ જરૂર હતી. આટલા વિશાળ દેશને બ મહિનાથી વધારે બંધ ના રાખી શકાય એ ખરું પણ જ્યારે લાખો લોકોના મૃત્યુનો ભય હોય ત્યારે વધુ એકાદ મહિનો સખ્તાઈથી લોકડાઉન રાખવાથી હજારો - લાખો લોકોના જીવ બચે તો રાખવું હિતાવહ છે. બાકી સાચું સંક્રમણ તો હવે જુન જૂલાઈમાં જ ફેલાશે, કેમ કે માણસ ગમે તેટલા માસ્ક પહેરે, પણ કોરોન તો હાથ, કપડાં, ચશ્મા, પેન, લેપટૉપ, મોબાઈલ, કાર, બાઈક, ચાવી, ઘરના દરવાજા, હેન્ડલ, ઓફિસ ફાઈલ, ડોરબેલ, લિફ્ટ, બૂટ - ચંપલ, રૂમાલ, ટિફિનબોક્સ, પાણીની બૉટલ, રૂપિયાની નોટ,... આવા અનેક રસ્તે ઘર સુધી પહોંચશે જ. અને ઘરમાં માસ્ક હશે નહી, તો એ વ્યક્તિને ગમે ત્યારે સંક્રમિત કરી શકશે. તેથી હવે સરકાર કરતા દેશની પ્રત્યેક વ્યક્તિએ જાગૃત રહેવાની જરૂર છે. જે બુદ્ધિજીવિઓ, સાહસવીરો એમ માને છે કે એમ ડરવાથી થોડું જીવાય ? સાવધાની રાખવાની, બાકી બહાર કામકાજે તો જવાનું જ, વાત સાચી છે પણ સાવધાની કેટલી રાખીશું? ક્યાંક તો ચૂંક થવાની જ છે. અને કોરોના આપણી નાની એવી ભૂલની રાહ જોઈને જ બેઠો છે. કોરોનાનો ડર હજી ડિસેમ્બર સુધી રાખવો જરૂરી છે કેમ કે ત્યાં સુધીમાં આની દવા શોધાવાની પણ શક્યતાઓ છે.

હવે શક્ય છે પાંચ દસ દિવસ પછી મીડિયા પણ કોરોનાના વધુ પડતા સમાચારો નહી રજુ કરે, જેથી વાતાવરણ થોડું સામાન્ય બને. અને આ લોકડાઉન ખોલવાથી લાખો લોકો આમે ય એમ માનતા થઈ ગયા છે કે હવે બધુ ખૂલી ગયું છે. કોરોના જતો રહ્યો છે. આવા લોકો બિંદાસ્ત થઈને બહાર ફરી પણ રહ્યા છે. એમાં ઉપરથી હવે મંદિરો-મસ્જિદો ખુલશે એટલે લોકો ઈશ્વર પાસે કોરોનાથી બચાવવાની પ્રાર્થના કરવા જશે ને ત્યાંથી સંક્રમિત થઈને આવશે.

મારું વ્યક્તિગત માનવું છે કે હજી આ જુન મહિનો જડબેસલાક લોકડાઉન રાખી સમય સાચવી લીધો હોત તો ૩૧ જુલાઈએ જે પરિણામ આવવાનું છે તે ના આવેત. હજી પણ લોકોએ જાગવાની જરૂર છે. બાકી વિશ્વના રીસર્ચ તો ભારતમાં પાંચ કરોડથી લઈને આખા ભારતને સંક્રમિત થતું જુએ છે અને એ પણ સપ્ટેમ્બર સુધીમાં. માટે હજીએ અનિવાર્ય હોય તો જ ઘરની બહાર નીકળવું.

જો કે આ બધામાં એક ચર્ચા એવી પણ થાય છે કે જો કોરોનાની દવા નથી તો આટલા બધા પોઝિટિવમાંથી નેગેટિવ કંઈ રીતે થાય છે ? લોકો સાજા કંઈ રીતે થાય છે ? આમાં બધી હોસ્પિટલો, ડોકટરો, સરકારી વહિવટદારોના કોઈ વ્યવસ્થિત આયોજન તો નથી ને ? સરકાર દ્વારા સંક્રમિત દીઠ ચૂકવાતું હોસ્પિટલોને ભાડું, દસ પંદર દિવસ સુધીનો રહેવા જમવાનો ખર્ચ, અને દર્દીઓને અપાતી વહેલી રજા પણ અનેક સંદિગ્ધ વિચારો ઉપજાવે છે.

કોરોના હવે 'ના રોકો'ના મૂડમાં આવી ગયો છે. હવે તે કોઈના રોકાવાથી રોકાવાનો નથી. હવે તેને આખા દેશના ખૂણે ખૂણે પહોંચવાની વ્યવસ્થા થઈ ગઈ છે. કેમ કે હવે તો બસ, ટ્રેન, ફ્લાઈટ.. બધુ શરું થઈ ગયું છે. અને વળી નેતાઓ, અધિકારીઓ કે કાર્યકરોના હાથ નીચેથી લાખો કરોડોની રકમ છૂમંતર થઈ જાય છે તો આ તો સાવ સૂક્ષ્માતિસૂક્ષ્મ વિષાણું છે. એને કોણ રોકવાનું છે? એ જડબેસલાક વ્યવસ્થા વચ્ચેથી પણ પોતાનો રસ્તો બનાવી લેશે જ. આવનારા બે મહિના સ્વયમ સાવચેતીના છે. મને તો આવતા બે ચાર મહિનામાં અડધુ અમદાવાદ ખાલી થતું દેખાય છે.

મુબંઈ દિલ્હીના બેહાલ થવાના છે. હજી સૌથી ખરાબ સમય તો હવે આવવાનો છે. આવનારા ત્રણ ચાર મહિના સૌના જીવનના સૌથી ખરાબ હશે જેને લોકો ક્યારેય નહીં ભૂલી શકે.

આમ છતાંય ઈશ્વરને પ્રાર્થના કે તે કોરોનાને સદબુદ્ધિ આપે કેમ કે માણસોને તો હવે જરુર નથી અને ઈશ્વર સદબુદ્ધિ આપે તો પણ એ ઉપયોગ તો કરશે નહીં તેથી હવે તો કોરોના જ સમજીને એનો વ્યાપ અટકાવે એ વધારે જરુરી છે. અસ્તુ.

# થોડા હૈ થોડે કી જરૂરત હૈ...!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

કોરોનાકાળમાં મનોરંજન ઉધ્યોગે ઈરફાન... ઋષિકપુર... વાજિદખાન... ગીતકાર યોગેશ જેવા સિતારાઓ ગુમાવ્યા. આવા જ એક ઉત્તમ કોટિના દિગ્દર્શક અને મારા ને તમારા જેવા મધ્યમવર્ગના માણસની વાતોને સિલ્વર સ્ક્રીન પર બખૂબી પેશ કરનાર બાસુ ચેટરજી ઉર્ફે બાસુદા એ આપણી વચ્ચેથી ગુપચુપ વિદાઈ લીધી. જો કે બાસુદાની પાછળ ભલે શોમેન કે એવું કોઈ લટકણિયું નહોતું લાગ્યું પણ બાસુદા હિન્દી ફિલ્મ જગતના કોઈ પણ શોમેનથી બિલકુલ કમ નહોતા. ૭૦ ના દાયકાથી શરૂ કરીને લગભગ ચારેક દાયકામાં હિન્દી અને બેંગાલીમાં ચાલીસેક ફિલ્મો, સુપરહિટ સિરિયલો આપનાર બાસુદાની ફિલ્મો-સિરિયલોનો એક ચાહકવર્ગ આજે પણ છે એટલું જ નહીં પણ બાસુદાની હલ્કી-ફૂલકી પણ સચોટ સંદેશ આપતી ફિલ્મો આજના ઘણા દિગ્દર્શકો માટે પ્રેરણારૂપ છે.

આજે મિડલકલાસને અપીલ કરતી અને નાના શહેરોમાં આકાર લેતી વાર્તા કહેતી આયુષમાન કે કાર્તિક આર્યનને લઈને ફિલ્મો બનાવાઈ છે કઈક એવી જ ફિલ્મો અને એવી જ વાર્તા કહેવાનો ટ્રેન્ડ શરૂ કરનાર બાસુદા એક અને કદાચ પહેલા હતા. બાસુદાની ફિલ્મો મધ્યમવર્ગની વાતો, મુશ્કેલીઓ કહેતી. ફીલ્મના નાયક મારા તમારા જેવા આમ આદમી હતા, એમની મુશ્કેલીઓ અને એમના સોલ્યુશ્ર?સ પણ એવા જ હતા. બાસુદાની ફિલ્મોનો હીરો એકલા હાથે દસ લોકોની ધોલાઈ ક્યારેય ના કરતો....એની ફીલ્મોના હીરો-હિરોઈન મોંઘા પોશાકો અને આંખ આંજી દેતા સેટ પર સપનામાં ગીતો હરગિઝ નહોતા ગાતા...ના તો પ્રેમીકાને ખુશ કરવા કોઈ શાયરીઓ કે લાંબા લાંબા ડાયલોગો ફટકારતો....! બાસુદાની ફીલ્મોના નાઈક મિડલકલાસમાંથી આવતા અને બિલકુલ મિડલકલાસની જેમ જ વર્તતા...!

વાત ૭૦ -૮૦ ના દાયકાની છે કે જ્યારે મનમોહન દેસાઈ... પ્રકાશ મહેરા...રમેશ સિપ્પી કે યશ ચોપરા જેવા દિગ્ગજો પોતાની ફિલ્મોમાં મારધાડ... લખલૂટ ખર્ચાઓ અને ભવ્ય નિર્માણ બતાવતા ત્યારે બાસુદાએ પોતાની ફિલ્મોમાં સરળતા અને મધુરતાનો સંગમ રચીને આવા દિગ્ગજો સામે પણ પોતાની ફિલ્મોનો સિક્કો ચલાવી જાણેલો. અમિતાભની આંધી સામે અમોલ પાલેકર જેવાને ટટ્ટાર ઊભો રાખી બતાવેલો એટલું જ નહીં પણ પાછળથી જ્યારે એ જ અમિતાભ (ફિલ્મ 'મંઝિલ' કે જેનું કિશોરદાના મસ્ત અવાજમાં 'રીમઝીમ ગીરે સાવન' આજે પણ ઓફિશિયલ વર્ષાગીત છે), જીતેન્દ્ર (ફિલ્મ 'પ્રિયતમા' કે જેનું આગેન કિશોરદા ના અવાજમાં 'કોઈ રોકો ના દીવાને કો ' આજે પણ હિટ છે), હેમા જેવા કલાકારો સાથે કામ કર્યું ત્યારે પણ એમણે આ સુપરસ્ટારોને એમની ઈમેજથી હટીને પોતાની રીતે પાત્રોમાં ઢાળી દીધેલાં. બાસુદાની ફિલ્મોનો હીરો નાયક નહીં પણ વાર્તા અને અભિનય જ રહેતા. કદાચ એનું એક કારણ એ પણ હતું કે બાસુદા સત્યજીત રે ની ફિલ્મો જોઈને બોલિવુડમાં આવેલા. એ ઉપરાંત બાસુદાની શરૂઆત જ 'તીસરી કસમ' જેવી શાનદાર ફિલ્મના આસિસ્ટન્ટ દિગ્દર્શક તરીકે થયેલી કે જેના દિગ્દર્શક ઓર એક જબરદસ્ત બાસુ - બાસુ ભટ્ટાચાર્ય હતા.

બાસુદા જન્મ્યા અજમેરમાં પણ રેલવેમાં નોકરી કરતાં પિતાની બદલી થતાં આવી પહોચ્યા મથુરા. મથુરા અને આગરામાં ભણતા દોસ્તી થઈ કવિ શૈલેન્દ્ર અને લેખક રાજેન્દ્ર યાદવ સાથે કે જે બંને આગળ જતાં બાસુ ચેટરજીના પ્રારંભિક સાથીદારો બન્યા. મથુરામાં જ ફિલ્મો જોવાના શોખીન બની ચૂકેલા બાસુદા સ્નાતક થઈને કમાવવા મુંબઈ આવ્યા જ્યાં એમને મળી લાઈબ્રેરીયનની નોકરી અને પછીથી 'ધ બ્લીટ્ઝ' માં બન્યા પોલિટિકલ કાર્ટૂનિસ્ટ જ્યાં તેઓ ૧૫ વર્ષ સુધી કાર્ટુનો બનાવતા રહ્યા, જો કે જીવ તો ફિલ્મો બાજુ જ હતો. આગરાના દોસ્ત શૈલેન્દ્ર હવે મૂંબઈમાં આવી ગયેલા અને જ્યારે શૈલેન્દ્રએ ' તીસરી કસમ 'પ્રોડ્યુસ કરવાનું નક્કી કર્યું તો બાસુદાએ પોતાને એ ફિલ્મ સાથે જોડવાની વાત કરી. શૈલેન્દ્રએ નિર્દેશક બાસુ ભટ્ટાચાર્યને મળવાની વાત કરી નિર્દેશક બાસુએ કાર્ટૂનિસ્ટ એવા બાસુદાને આસિસ્ટન્ટ દિગ્દર્શક બનાવ્યા. પછી તો હિટ ફિલ્મ ' સરસ્વતીચંદ્ર ' માં પણ બાસુદા આસિસ્ટન્ટ બન્યા. જો કે બે ફિલ્મ પછી એમણે થયું અબ ખુદ કી ફિલ્મ બનાયેંગે.

એ દિવસોમાં એફએફસી (આજની એનએફડીસી ) ઊભરતા લોકોને ફિલ્મો બનાવવા નાણાકીય સહાય આપતી. બાસુદાએ દોસ્ત રાજેન્દ્ર યાદવની નોવેલ પરથી ફિલ્મ 'સારા આકાશ' ની સ્ક્રીપ્ટ લખી અને એફએફસી એ મંજૂર કરી. એ વર્ષે 'આરાધના' 'એક ફૂલ દો માલી' જેવી હિટ ફિલ્મો વચ્ચે 'સારા આકાશ' બહુ ચાલી નહી પણ ફિલ્મની નોંધ લેવાઈ એટલું જ નહીં પણ સમાંતર સિનેમા - પેરેરલ સિનેમા - ન્યુવેવ સિનેમા કે જે કહો એનો પાયો રખાયો. બાસુદા એ કહેલું કે હું એ જ વર્ગમાંથી આવું છુ એટ્લે કદાચ મધ્યમવર્ગની વાત વધુ જાણું છુ અને સારી રીતે પરદા પર કહી શકું છુ. 'સારા આકાશ' માં હીરો હિરોઈન વચ્ચે લાંબો સમય અબોલા રહે છે તો 'પિયા કા ઘર' માં નાના ઘરમાં અટવાતી જયા ભાદૂરી અને અનિલ ધવનની જિંદગી બખૂબી બતાવાઈ છે તો 'રજનીગંધા' માં અમોલ પાલેકર, વિદ્યાસિંહા અને દિનેશ ઠાકુરનો પ્રણયત્રિકોણ પણ મધ્યમવર્ગની દ્રષ્ટિએ જ બતાવાયો છે. ૧૯૭૬ ની હિટ 'ચિતચોર' (કે જેની પાછળથી રાજશ્રીએ 'મૈ પ્રેમ કી દિવાની હું' નામે કરીના-અભિષેક-રિતિકને લઈને રિમેક બનાવેલી )...પ્રેમનો ઈઝહાર ના કરી શકતા પ્રેમીની વાત કહેતી 'છોટી સી બાત' પ.બે બુઢિયાવની લગ્ન કરવાની ઝંખનાની કોમેડી ધમાલ 'ખટ્ટા-મીઠ્ઠા' અને એવી જ એ કે હંગલ, ઉત્તપલ દત્ત, અશોકકુમારની ફેફસાફાડ કોમેડી ધમાલ 'શૌકીન' પ. 'સ્વામી' કે બાસુદાની લાસ્ટ હિટ અનિલકપુર-અમૃતા સ્ટારર 'ચમેલી કી શાદી' જેવી ફીલ્મોના પાત્રો હટકે અને એકદમ વાસ્તવિક લાગવા પાછળનું કારણ પણ એ જ રહ્યું કે બાસુદાએ પોતાની ફિલ્મોની વાર્તા અને પાત્રોની અદાકારી ફિલ્મી ના બનવા દીધી. ઉપરની ફિલ્મો તો ઠીક છે કે બાસુદાના ટ્રેડમાર્ક સમાન હલ્કીફૂલકી હતી પણ બાસુદાની જ 'ત્રિયાચરિત્ર' આ બધાથી હટકે હતી. પતિની ગેરહાજરીમાં સસરા દ્વારા બળાત્કાર અને એના ન્યાયની વાત કહેતી આ ફિલ્મ એકદમ વાસ્તવિક અને સમાજ પર જોરદાર પ્રહારો કરે છે.

ફિલ્મો જ શું કામ પણ બાસુદા એ ટીવીમાં જંપલાવ્યું તો ત્યાં પણ જબરદસ્ત સફળતા મેળવી. ૧૯૮૫ માં આવેલી અને જેના દ્વારા પ્રિયા તેંદુલકર રાતોરાત નાના પરદાની સ્ટાર બની ગયેલી એ સિરિયલ 'રજની' આજે પણ યાદ હશે. અગેન એમાં પણ રજની મધ્યમવર્ગના જ પ્રશ્નોનાં સોલ્યુશન કરતી અને 'રજની' પછી જ મહિલાપ્રધાન સિરિયલ્સનો ટ્રેન્ડ શરૂ થયો. ૧૯૮૬માં દૂરદર્શન પર પ્રસારિત થયેલી ફિલ્મ 'ઈક રુકા હુઆ ફૈસલા' તો બાસુદાની ઓલટાઈમ ગ્રેટ ગણી શકાય. 'ટવેલ્વ એંગ્રી મેન' ની આ રિમેક પંકજ કપૂર, કે કે રૈના, અન્નૂ કપૂર જેવા કલાકારોની એક જ રૂમમાં ફિલ્માવાયેલી આ ફિલ્મ મસ્ટ વોચ છે. ટીવી પર જ ઓમપુરી ને ચમકાવતી પોલિટિકલ સેટાઈર 'કાકાજી કહીન' પણ અદ્‌ભૂત હતી તો ૧૯૯૩-૯૭ એમ બે સિઝનમાં આવેલ જાસૂસી સિરિયલ 'વ્યોમકેશ બક્ષી' તો અતિ અદ્‌ભૂત હતી. બાસુદાએ આ સિરિયલથી મનોરંજન જગતને ટોપી વગરનો જાસૂસ આપ્યો ! તો 'દર્પણ' સિરિયલમાં બાસુદાએ વિશ્વની શ્રેષ્ઠ વાર્તાઓ રજૂ કરેલી. સ્વચ્છ, સુંદર, હલ્કી-ફૂલકી અને મધ્યમવર્ગને વાચા આપતી ફિલ્મો માટે બાસુદા હમેશા યાદ રહેશે.